सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૨૦ – ૧૧ – ૨૦૧૯ |
| નોંધણી તારીખ | :– ૨૦ – ૧૧ – ૨૦૧૯ |
| ફેંસલ તારીખ | :– ૨૫ – ૦૪ – ૨૦૨૫ |
| સમયગાળો | :– <u>વર્ષ– માસ– દિવસ</u> |
| | ૦૫ – ૦૫ – ૦૫ |

**મે. ગાંધીધામનાં કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશ્નરશ્રી (એમ.એસ.સોલંકી), લેબર કોર્ટ (જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.**

**વ. કો. (નોન–ફેટલ) અરજ નં.૧૬/૨૦૧૯**
**આંક ::–**

રાવતારામ મગારામ ચૌધરી, ઉ.વ.૨૬, ધંધો :– ડ્રાઈવર, હાલ કાંઈ નહીં.
રહે. ત્રીશુલીયા, ખરટીયા ખુર્દ,
તા.બાયતુ, જી. બાડમેર (રાજસ્થાન). ..... **<u>અરજદાર</u>**

<u>વિરૂધ્ધ</u>

(૧) જશાભાઈ વીશાભાઈ ઉદરીયા, ઉ.વ.પુખ્ત, ધંધો :– ટ્રાન્સપોર્ટ.
રહે. મું.પશુડા, તા.અંજાર,
જી.કચ્છ.

(૨) મેનેજર સાહેબશ્રી, રોયલ સુંદરમ
જનરલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ,
હે. બીજો માળ, ઓફીસ નં.૨૦૮,
ઓમ કોર્નર, પ્લોટ નં.૩૩૬–૩૩૭,
વોર્ડ નં.૧૨/બી, મું.ગાંધીધામ,
તા.ગાંધીધામ, જી.કચ્છ. ..... **<u>સામાવાળાઓ</u>**

**<u>બાબત</u> :– <u>કામદ્રાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ વળતર મેળવવા બાબત...</u>**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી એ.પી.લેઉવા.**
**સામાવાળા નં.૧ હાજર નથી.**
**સામાવાળા નં.૨ તર્ફે વિ.વ.શ્રી. એલ.એ.કેલ્લા.**

## –:: ઠ રા વ ::–

**(૧)** હાલનાં કામનાં અરજદારે સામાવાળા નં.૧ ની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતનાં પરીણામે થયેલ ઈજાઓને કારણે કાયમી પ્રકારની ખોડ અંગે કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ હેઠળ વળતર મેળવવા અરજી કરેલ છે અને આ કામના સામાવાળાઓ પાસેથી અકસ્માત વળતરની રકમ રૂા.૧૦,૩૩,૩૪૪/– (અંકે રૂપીયા દશ લાખ તેત્રીસ હજાર ત્રણ સૌ ચુમ્માલીસ પુરા), દવા–દારૂનાં રૂા.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) મળી કુલ રૂા.૧૧,૮૩,૩૪૪/– (અંકે રૂપીયા અગીયાર લાખ ત્ર્યાંશી હજાર ત્રણ સૌ ચુમ્માલીસ પુરા),વળતરની રકમ ઉપર ૫૦% પેનલ્ટીની રકમ, અકસ્માતની તારીખથી ૧૨% નાં વ્યાજનાં દરે ખર્ચ સહીત ચુકવી આપે તે મુજબની દાદ માંગેલ છે.

**(૨)** હાલનાં કામનાં અરજદારની વળતર અરજીની ટુંકમાં હકીકત એ છે કે, "અમો અરજદાર સામાવાળા નં.૧ ની માલીકીનાં ટેન્કર નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ વાહન ઉપર ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા અને એ રીતે અમો અરજદાર સામાવાળા નં.૧ નાં કાયદેસરનાં કામદાર હતા.અમો અરજદાર તા.૧૬/૦૬/૨૦૧૯ નાં રોજ સદર ટેન્કર નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવી કંડલાથી કેમીકલ ભરી ઉત્તરાખંડ જતા હતા ત્યારે રાત્રીનાં ૦૨:૦૦ વાગ્યાનાં સમયે માખેલ ગામ પાસે પહોંચતા આગળ જતાં ડમ્પર ચાલકે એકદમ બ્રેક મારીને ડમ્પર રોડ ઉપર એકદમ ઉભું કરી દેતાં અમો અરજદારનાં કબ્જામાં રહેલ ટેન્કર ડમ્પરમાં પાછળથી ભટકાઈ ગયેલ અને ગંભીર પ્રકારનો અકસ્માત થતાં અમો અરજદારને બંને પગમાં ગંભીર પ્રકારનાં ફ્રેકચરો થયેલ છે. માથાનાં તથા હોઠનાં ભાગે ગંભીર ફ્રેકચરો થયેલા છે તથા શરીરનાં અન્ય ભાગોમાં મુઢ તેમજ ગંભીર ઈજાઓ થયેલ છે. આ અકસ્માત બાદ અમો અરજદારને પ્રાથમીક સારવાર વાગડ વેલ્ફેર હોસ્પીટલ, ભચાઉમાં આપેલ. ત્યારબાદ વધુ સારવાર ગાંધીધામના ડો. ભાવીન પટેલની હોસ્પીટલમાં અંદરનાં દર્દી તરીકે દાખલ રાખી ઓપરેશનો કરી, સળીયા તથા પ્લેટો નાંખવામાં આવેલ છે. અમો અરજદારની સારવાર ચાલુમાં છે. અમો અરજદારને આ અકસ્માત થવાનાં કારણે ઈજાઓની સારી સારવાર કરાવવા છતાં કાયમી ખોડ રહી જવાનાં કારણે ૧૦૦% કમાવવાની શકિત ગુમાવેલ છે. આ કામનાં સામાવાળા નં.૧ માલીક તથા સામાવાળા નં.૨ વાહનની વીમા કંપની હોય, આ કામનાં બંને

સામાવાળાઓને વળતર અંગેની નોટીસ આપેલ નથી. સામાવાળા નં.૧ એ પોતાના વાહનમાં થયેલ નુકશાનીનું વળતર મેળવવા સામાવાળા નં. ૨ પાસે કલેઈમ ફોર્મ ભરેલ છે. સામાવાળા નં .૧ નાં જવાબદાર વ્યકિતને પણ આ અકસ્માતનું નોલેજ છે. સામાવાળાઓને આ અકસ્માતમાં અમો અરજદારને ઈજા થયા હોવાનું પુરેપુરું નોલેજ હોવા છતાં આજ દિવસ સુધી વળતરની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી કે અરજદારને ચુકવેલ નથી. અમો અરજદાર સામાવાળા નં.૧ પાસે ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા ત્યારે રૂા.૧૦,૦૦૦/– પગાર અને દૈનિક ભથ્થુ રૂા.૨૦૦/– અલગથી ચુકવતા હતા. સામાવાળાની નોકરી દરમ્યાન અકસ્માત ન થયો હોત તો અમો અરજદાર વધુ કમાણી કરી શકયા હોત. અકસ્માત સમયે અમો અરજદાર ૨૬ વર્ષની યુવાન વયનાં અને સશકત શરીર ધરાવતા હતા. અરજદારે ભવિષ્યની આવક ગુમાવેલ છે. આ કામનાં સામાવાળાઓએ કોઈપણ જાતનું વળતર ચુકવેલ ન હોય, અમો અરજદાર ૫૦% પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર છીએ અને સારવાર પાછળ દવા–દારૂનો ખર્ચ રૂા. ૧,૫૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) થી વધુ ખર્ચો થયેલ છે તે મેળવવા હકકદાર છીએ. અમો અરજદારની અરજી સમય મર્યાદામાં છે. આ કામનાં સામાવાળા નામદાર કોર્ટની હકુમતમાં રહેતા હોઈ, આ અરજી દાખલ કરી, ચલાવી નિકાલ લાવવા નામદાર કોર્ટને સંપુર્ણ હકુમત છે. જેથી આ કામના સામાવાળાઓ વળતરની રકમ રૂા.૧૦,૩૩,૩૪૪/– (અંકે રૂપીયા દશ લાખ તેત્રીસ હજાર ત્રણ સૌ ચુમ્માલીસ પુરા), દવા–દારૂનાં રૂા.૧ ,૫૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) મળી કુલ રૂા.૧૧,૮૩,૩૪૪/– (અંકે રૂપીયા અગીયાર લાખ ત્ર્યાંશી હજાર ત્રણ સૌ ચુમ્માલીસ પુરા), વળતરની રકમ ઉપર ૫૦% પેનલ્ટીની રકમ, અકસ્માતની તારીખથી ૧૨% નાં વ્યાજનાં દરે ખર્ચ સહીત ચુકવી આપે તે મુજબની દાદ માંગેલ છે.

(૩) ત્યારબાદ હાલનાં કામે સામાવાળાઓને કાઢવામાં આવેલ નોટીસ તેઓને ધોરણસર બજી ગયેલ હોવા છતાં હાલનાં સામાવાળા નં.૧ તર્ફે હાજર રહી જવાબ રજુ કરવામાં ન આવતા અત્રેની કોર્ટ દ્રારા તા.૧૩/૦૪/૨૦૨૩ નાંરોજ રોજકામમાં હુકમ કરીને સામાવાળા નં.૧ નો હાલનાં કામે જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

જયારે સામાવાળા નં.૨ તેમના વિ.વ.શ્રી. એલ.એ.કેલ્લા મારફત હાજર થયેલ છે અને આંક–૧૪ થી લેખીત જવાબ રજુ થયેલ છે. જેમાં અરજદારની અરજીની

હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરીને ખર્ચ સહીત રદ્દ ફરમાવવા વિનંતી કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલનાં કામનાં અરજદાર તથા સામાવાળા નં.૧ વચ્ચે કામદાર–માલીકનાં સંબંધો પુરવાર થતા નથી. અકસ્માત સમયે અરજદારે યોગ્ય રીતે કાળજી રાખેલ ન હોય અને બેદરકાર રહેલ હોય, અમો સામાવાળા નં.ર વીમા કંપની વળતર ચુકવવા જવાબદાર થતા નથી. આથી અરજદારની અરજી ખર્ચ સહીત રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૪) ત્યારબાદ હાલનાં કામે અરજદાર તર્ફે નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

- **મૌખીક પુરાવા :–**

**૧.** આંક–૧૬ થી અરજદાર રાવતારામ મગારામ ચૌધરી (જાટ)નું પુરાવાનું સોગંદનામું.

**૨.** આંક–૧૮ થી ડો. ભાવિન મહેન્દ્રભાઈ પટેલનું પુરાવાનું સોગંદનામું.

- **દસ્તાવેજી પુરાવા :–**

| અનુ. નં. | દસ્તાવેજની વિગત | આંક/માર્ક |
|---|---|---|
| 1. | અકસ્માત અંગેની એફ.આઈ.આર.ની ખરી નકલ. | ૨૪ |
| 2. | અકસ્માત અંગે થયેલ સ્થાનીક જગ્યાનાં પંચનામાની ખરી નકલ. | ૨૫ |
| 3. | અકસ્માત અંગેનો ફાઈનલ રીપોર્ટની ખરી નકલ. | ૨૬ |
| 4. | વાહન નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ ની આર.સી.બુકની નકલ. | ૩/૨ |
| 5. | વાહન નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ ની વીમા પોલીસીની નકલ. | ૩/૩ |
| 6. | ડો. ભાવીન પટેલે આપેલ કાયમી ખોડનું અસલ પ્રમાણપત્ર. | ૧૯ |
| 7. | ડો. ભાવીન પટેલ હોસ્પીટલનાં ડીસ્ચાર્જ સમરીની અસલ. | ૨૦ |
| 8. | અરજદારનાં ડી.એલ.ની નકલ. | ૧૭/૩ |
| 9. | એકસ–રે કોપીની નકલો નંગ–૧ થી ૬. | ૧૭/૪ |
| 10. | ડો. ભાવીન પટેલ હોસ્પીટલના સારવારનું બીલ. | ૨૧ |
| 11. | ઓમ મેડીસીન સ્ટોરના બીલની અસલ નકલ. | ૧૭/૫,૧૭/૬,<br>૧૭/૯,૧૭/૧૦ |

| | | |
|---|---|---|
| 12. | ડો. ભાવીન પટેલ હોસ્પીટલના એકસ–રે નાં બીલ. | ૧૭/૮ |
| 13. | વાગડ સર્વોદય ટ્રસ્ટ મેડીકલ સ્ટોરના બીલની નકલ. | ૧૭/૧૧,૧૭/૧૩ |
| 14. | વાગડ સર્વોદય ટ્રસ્ટ હોસ્પીટલના બીલની નકલ. | ૧૭/૧૨ |
| 15. | રાજબાઈ બ્લડ બેંકના બીલની નકલ. | ૧૭/૧૪ |
| 16. | સંત હરીદાસ આઈ હોસ્પીટલના બીલની નકલ. | ૧૭/૧૫ |

(ત્યારબાદ અરજદાર તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૨૪ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ અરજદારનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

(ત્યારબાદ સામાવાળા નં.૨ તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૨૬ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ સામાવાળા નં.૨ નો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

**(૫)** ત્યારબાદ હાલનાં કામે અરજદાર તર્ફે વિ.વ.શ્રી એ.પી.લેઉવાનાંઓની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. સદર દલીલમાં વળતર અરજીની હકીકતોનું પુનઃરાવર્તન કરી વધુમાં જણાવેલ છે કે, હાલનાં અરજદાર સામાવાળા નં.૧ ની માલીકીની ટેન્કર વાહનમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. હાલનાં અરજદારને તા.૧૬/૦૬/૨૦૧૯ નાં રોજ આ કામનાં સામાવાળાની ફરજ દરમ્યાન અકસ્માતનાં કારણે ગંભીર ઈજાઓ થતાં હાલનાં અરજદારને ૧૦૦% કાયમી ખોડ રહી ગયેલ છે. હાલનાં સામાવાળાઓને અકસ્માત અંગેની જાણ હોવા છતાં અરજદારને વળતરની કોઈ જ રકમ ચુકવેલ નથી. હાલનાં અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો પુરાવાથી પુરવાર કરેલ હોય, અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે. અરજદાર તર્ફે દલીલનાં સમર્થનમાં નીચે મુજબનો ચુકાદો રજુ કરેલ છે.

- ૨૦૨૩ એ.સી.જે. ૮૦૬ નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા એટ ન્યુ દિલ્હી, ચંદ્રામ્મા વિરૂધ્ધ મેનેજર, રીજીયોનલ ઓફીસ, એનસીસી લીમીટેડ અને બીજાંઓ.

**(૬)** ત્યારબાદ હાલનાં કામે સામાવાળા નં.૨ તર્ફે વિ.વ.શ્રી એલ.એ.કેલ્લાનાંઓની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. સદર દલીલમાં હાલનાં કામે રજુ જવાબની હકીકતોને વળગી રહેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલનાં અરજદાર આ કામે જુબાની આપવા સારું ૫૦૦ કિ.મી.ની સફર કરેલ છે. આથી હાલનાં અરજદાર ડીસેબલ ગણાય નહીં. અરજદારને

ડીસેબીલીટી સર્ટીફીકેટ આપતા પહેલાં કોઈ એકસ–રે લેવામાં આવેલ નથી. ડોકટરશ્રી દ્રારા ઉલટતપાસમાં બાહય દેખાવથી ડીસેબીલીટી નકકી કરી શકાય નહીં. તેવી હકીકત કબુલ રાખેલ હોય, હાલના અરજદારની અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૭) ઉપરોકત હકીકતે સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય આંક–૧૫ થી નીચે મુજબનાં મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

## *–:: <u>મુદ્દાઓ</u> ::–*

(1) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા નં.૧ નાં કામદાર થાય છે ?

(2) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓને સામાવાળા નં.૧ ની નોકરી અને ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થયેલ છે ? જો હા તો અકસ્માતના કારણે કેટલા ટકા ખોડ રહી જવા પામેલ છે ? અને શું રહી ગયેલ ખોડનાં કારણે ૧૦૦% કમાવવાની અને કામ કરવાની શકિતમાં ઘટાડો થયેલ છે ?

(3) અકસ્માત સમયે અરજદારની ઉંમર શું વર્ષ હતી ? અને શું અરજદાર સાબીત કરે છે કે, તેઓને માસીક રૂ.૧૦,૦૦૦/–પગાર તથા રૂ.૨૦૦/– ભથ્થા પેટે મેળવતા હતા ?

(4) શું અરજદાર સાબિત કરે છે કે, સામાવાળાઓ અરજદારને વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે ? જો હા તો કેટલી રકમ ? તેમજ સામાવાળાઓની શું જવાબદારી થાય છે.

(5) શું અરજદાર સાબિત કરે છે કે, સામાવાળાઓએ અરજદારને વળતરની રકમ ચુકવવામાં બેદરકારી દાખવેલ છે ? જો હા તો શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે ?

(6) શું અરજદાર હાલની અરજીના પેરા–૧૧ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(7) શું આખરી હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

(1) હકારમાં.

(2) હકારમાં, કાયમી ખોડ ૪૫%, કમાવાની શકિતમાં ઘટાડો ૪૫%.

(3) અકસ્માત સમયે અરજદારની ઉંમર ૨૬ વર્ષ તથા માસીક પગાર રૂ.૮,૦૦૦/–.

(4) સામાવાળા નં.૨ વળતરની રકમ રૂ.૪,૬૫,૦૦૪/– (અંકે રૂપીયા ચાર લાખ

પાસઠ હજાર ચાર પુરા) ચુકવવા જવાબદાર થાય છે. સામાવાળા નં.૧ માલીક વળતરની રકમ ઉપર ૫૦% પેનલ્ટી રકમ રૂા.૨,૩૨,૫૦૫/– (અંકે રૂપીયા બે લાખ બત્રીસ હજાર પાંચ સૌ પાંચ પુરા) ચુકવવા જવાબદાર થાય છે.

(5) સામાવાળા નં.૨ વળતરની રકમ રૂા.૪,૬૫,૦૦૪/– (અંકે રૂપીયા ચાર લાખ પાંસઠ હજાર ચાર પુરા) તથા વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે.

(6) અંશત: હકારમાં.

(7) આખરી હુકમ મુજબ.

## –:: <u>કા ર ણો</u> ::–

**(૯) <u>મુદ્દા નં.૧ તથા નં.૨</u> ::–** મુદ્દા નં.૧ તથા નં.૨ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૧ તથા નં.૨ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

**(૯.૧)** સદર કામે અરજદાર તર્ફે રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલાં પ્રથમ વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯૨૩ નાં પ્રકરણ–૨ માં કરવામાં આવેલ જોગવાઈને ધ્યાને લેવામાં આવે તો તે કેટલાક ચોકકસ વર્ગનાં માલીકો તેમના કામદારોને સંસ્થામાં કામ કરતા દરમ્યાન થયેલ અકસ્માત ઈજાનાં કારણે આવતી કાયમી આંશીક કે પુરેપુરી અશકતતા કે ઈજાનાં કારણે થતાં અકસ્માત મૃત્યુનાં કિસ્સામાં શ્રમયોગી કે તેનાં આશ્રિતોને વળતર ચુકવી આપે તે સુનિશ્ચિત કરવાનાં હેતુથી રચાવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદાર ઉપર સૌપ્રથમ એ હકકીત સાબીત કરવાની જવાબદારી રહેલ છે કે, અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલીકનો સંબંધ છે. વધુમાં અરજદારનું અવસાન પોતાની ફરજ દરમ્યાન અને ફરજનાં ભાગે કરવામાં આવેલ કામગીરી દરમ્યાન થયેલ છે. વધુમાં વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯૨૩ માં કયાંય અકસ્માત શબ્દની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. તેમજ કામદાર રાજય વીમા અધિનિયમમાં પણ તેની વ્યાખ્યા નથી. પરંતુ "અકસ્માત" નો ડિકશનરી અર્થ એ થાય કે "કાંઈ પણ જાણ થયા વિના અણધાર્યો બનાવ."

**(૯.૨)** હાલનાં કામે અરજદારે પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે, "અમો અરજદાર સામાવાળા નં.૧ ની માલીકીનાં ટેન્કર નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ વાહન ઉપર ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા

અને એ રીતે અમો અરજદાર સામાવાળા નં.૧ નાં કાયદેસરનાં કામદાર હતા.અમો અરજદાર તા.૧૬/૦૬/૨૦૧૯ નાં રોજ સદર ટેન્કર નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવી કંડલાથી કેમીકલ ભરી ઉત્તરાખંડ જતા હતા ત્યારે રાત્રીનાં ૦૨:૦૦ વાગ્યાનાં સમયે માખેલ ગામ પાસે પહોંચતા આગળ જતાં ડમ્પર ચાલકે એકદમ બ્રેક મારીને ડમ્પર રોડ ઉપર એકદમ ઉભું કરી દેતાં અમો અરજદારનાં કબ્જામાં રહેલ ટેન્કર ડમ્પરમાં પાછળથી ભટકાઈ ગયેલ અને ગંભીર પ્રકારનો અકસ્માત થતાં અમો અરજદારને બંને પગમાં ગંભીર પ્રકારનાં ફ્રેકચરો થયેલ છે. માથાનાં તથા હોઠનાં ભાગે ગંભીર ફ્રેકચરો થયેલા છે તથા શરીરનાં અન્ય ભાગોમાં મુઢ તેમજ ગંભીર ઈજાઓ થયેલ છે.'' સદર હકીકત અન્વયે હાલના કામે સામાવાળા નં.૧ તર્ફે હાજર રહી જવાબ રજુ કરેલ નથી. જયારે સામાવાળા નં.૨ તર્ફે લેખીત જવાબ રજુ કરી, અરજદારની આ હકીકતોનો ઈન્કાર કરેલ છે. સામાવાળા નં.૨ તર્ફે હાજર રહી જવાબ રજુ કરેલ છે અને અરજદારની આ હકીકતનો ઈન્કાર કરેલ છે. પરંતુ વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી.

વધુમાં હાલના કામે અરજદાર તર્ફે આંક–૧૬ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે. આ કામે સામાવાળા નં.૧ તર્ફે હાજર રહીને અરજદારની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. સામાવાળા નં.૧ નો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. જયારે સામાવાળા નં.૨ ના વિ.વ.શ્રી. દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત બનાવની ફરીયાદ મારા વિરૂધ્ધ કરવામાં આવેલ છે. હું સામાવાળા નં.૧ પાસે ડ્રાઈવર તરીકે કામ કરતો હોઉ તથા તેમના દ્રારા કોઈ પણ રકમ મને વેજીસ તરીકે ચુકવવામાં આવતી હોય તે દર્શાવતો કોઈ લેખીત આધાર હાલનાં કામે રજુ રાખેલ નથી. મેં અકસ્માત બાદ મારું ડ્રાઈવીંગ લાઈસન્સ આર.ટી.ઓ.માં જમા કરાવેલ નથી. હું આજરોજ કોઈની મદદ વિના કોર્ટમાં આવેલ છું. આ સીવાય તેઓને પુછવામાં આવેલ તમામ સૂચક સવાલોનાં ખં ડનાત્મક જવાબ આપેલ છે.

**(૯.૩)**વધુમાં હાલના અરજદાર તર્ફે આંક–૨૪ થી એફ.આઈ.આર.ની ખરી નકલ, આંક–૨૫ થી સ્થાનીક જગ્યાનાં પંચનામાની ખરી નકલ, આંક–૨૬ થી ફાઈનલ રીપોર્ટની ખરી નકલ રજુ કરેલ છે. જે પૈકી એફ.આઈ.આર. વંચાણે લેતાં સદર ફરીયાદ સામાવાળા નં.૧ નાં ટેન્કર નં. જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ ઉપર કલીનર તરીકે ફરજ બજાવતા પુખ્તરાજ જુજારામ જાટ

(ચૌધરી) નાંઓએ લખાવેલ છે. જે વંચાણે લેતા અરજદારની હાલની અરજીની હકીકતોને સમર્થન મળે છે. વધુમાં હાલનાં કામે અરજદાર તર્ફે માર્ક ૩/૨ થી શરત ચુકની ટાઈપગ્રાફીક ભુલનાં કારણે વાહન નં.આર.જે.૦૪ જી.એ.૧૩૬૫ ની આર.સી.બુકની નકલ તથા માર્ક–૩/૩ થી સદર વાહનની વીમા પોલીસીની નકલ દર્શાવેલ છે. પરંતુ રેકર્ડ ધ્યાને લેતાં માર્ક–૩/૨ થી ટેન્કર નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ ની આર.સી.બુક તથા માર્ક–૩/૩ થી ટેન્કર નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ ની વીમા પોલીસી રજુ થયેલ છે. આમ, અરજદાર તર્ફે ઉપરોકત દસ્તાવેજી વિગતમાં દર્શાવેલ દસ્તાવેજની વિગત ટાઈપોગ્રાફી મિસ્ટેક ગણવામાં આવેલ છે અને હાલનાં કામે ન્યાયનાં હિતમાં માર્ક–૩/૨ ટેન્કર નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ ની આર.સી.બુક તથા માર્ક–૩/૩ થી ટેન્કર નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ ની વીમા પોલીસી દસ્તાવેજી પુરાવા તરીકે વંચાણે લેવામાં આવેલ છે. સદર પુરાવા વંચાણે લેતા તેમાં અનુક્રમે માલીક તથા ઈન્સ્યોર્ડ તરીકે જશા વિશા ઉદરીયા એટલે કે આ કામના સામાવાળા નં.૧ નું નામ છે. આથી હાલનાં અરજદાર રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજો ધ્યાને લેતાં આ કામનાં અરજદારને સામાવાળા નં.૧ ની માલીકીનાં વાહન નં.જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થયેલ હોવાનું પુરવાર થાય છે અને જેથી વર્કમેન્સ કોમ્પેન્સેશન એકટ,૧૯૨૩ ની કલમ–૨(એન) મુજબ અરજદાર સામાવાળાનાં કામદાર હોવાનું અને સામાવાળા આ કાયદાની કલમ–૨(૧)(ઈ) મુજબ માલીક હોવાનું ઠરાવવામાં આવે છે અને સામાવાળાઓને ત્યાં ફરજ બજાવતા દરમ્યાન અકસ્માતનાં કારણે ગં ભીર ઈજાઓ થયેલ હોવાનું પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૧ તથા નં.૨ નો જવાબ ઉપરોકત ચર્ચાનાં અંતે હકારમાં આપવામાં આવે છે.

**(૧૦) <u>મુદ્દા નં.૩</u> ::–**

**(૧૦.૧)** અરજદારને સામાવાળા નં.૧ ની ફરજ દરમ્યાન અકસ્માત થયેલ છે અને અકસ્માતના કારણે ગંભીર ઈજાઓ થયેલ છે તે હકીકત પુરવાર થાય છે. અકસ્માતનાં કારણે અરજદારને કાયમી ખોડ રહી જવા પામેલ છે કે કેમ ? તે બાબતે અરજદાર તર્ફે આંક–૧૯ થી ડો.ભાવીન પટેલનાઓનું ડીસેબીલીટી સર્ટીફીકેટ રજુ થયેલ છે તે વંચાણે લેતાં તેમાં કાયમી શારીરિક ખોડ ૪૫% (Body as a whole) હોવાનું જણાવેલ છે. અરજદાર તર્ફે સદર હકીકત પુરવાર કરવા આ કામે આંક–૧૮ થી ડોકટરને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ

ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, અરજદાર રાવતારામ મગારામ ચૌધરી, ઉ.વ.૨૯, તા.૦૯/૧૨/૨૦૨૨ નાંરોજ મારી પાસે ખોડની આકારણીનાં સર્ટીફીકેટની તપાસ માટે આવેલા. દર્દીને તપાસતા ડાબા પગમાં કંપાઉન્ડ ગ્રેડ વન ફ્રેકચર ટીબીયા ફીબ્યુલા અને જમણા પગમાં ટીબીયા ફ્રેકચર તેમજ જમણી કોણીના ભાગમાં તેમજ મોઢા ઉપર મુઢમાર જેવી ઈજાઓ હતી. ઉપરોકત ઈજાઓ માટે દર્દીને બંને પગમાં ઓપન રીડકશન નેઈલીંગ જેવી સારવાર તા. ૧૬/૦૬/૨૦૧૯ થી તા.૧૯/૦૬/૨૦૧૯ દરમ્યાન મારી હોસ્પીટલમાં મેં આપેલ હતી. દર્દીને પુછતાં જણાવ્યુ હતું કે, તેમને બંને પગમાં દુ:ખાવો થતો હતો. તેમજ લાંબા સમય સુધી ઉભા રહેવામાં તેમજ ચાલવામાં તકલીફ જણાતી હતી અને પલાઠી વાળી તેમજ ઉભડક બેસવામાં પણ તકલીફ થતી હતી. વધુ તપાસ કરતા જમણા ગોઠણમાં ફલેકશન ૧૦૦ ડીગ્રી એકસટેન્શન (૦) ડીગ્રી જેટલું હતું. જમણા ઘુંટીનાં ભાગમાં ઉપર તરફની મુવમેન્ટ ૩૦ ડીગ્રી અને નીચેની મુવમેન્ટ ૪૦ ડીગ્રી જેટલી હતી. જમણા ગોઠણ અને તેમજ ઘુંટીની તે પછીની મુવમેન્ટ પીડાકારક હતી. ડાબા ગોઠણમાં ફલેકશન ૧૧૦ ડીગ્રી એકસટેન્શન (૦) ડીગ્રી તેમજ ડાબા ઘુંટીનાં ભાગમાં ઉપર તથા નીચે તરફની મુવમેન્ટ ૪૦ ડીગ્રી જેટલી હતી. દર્દીને ડાબા પગમાં ઓપરેશન કરીને નાંખેલ ઈમ્પ્લાન્ટ ખુંચતો હતો. દર્દીને પલાઠી વાળી તેમજ ઉભડક પગે બેસવાનું કહેતા તેમ કરવામાં તેને તકલીફ થતી હતી. દર્દીને પુછતાં જણાવેલું કે, આ એકસીડેન્ટલ ઈજા પછી તેઓ હેવી વ્હીકલ ચલાવી શકતા ન હતા. ઉપરોકત ઈજાઓનાં આધારે દર્દીને ૪૫% જેટલી બંને પગની ખોડની આકારણી થતી હતી. જે મેં ખોડ અંગેનું સર્ટીફીકેટ તા.૦૯/૧૨/૨૦૨૨ નાં રોજ આપેલ છે. જે હાલના કામે માર્ક–૧૭/૧ થી રજુ છે તથા માર્ક–૧૭/૨ થી રજુ ડીસ્ચાર્જ સમરી પણ મારા દ્રારા આપવામાં આવેલ છે. બંને દસ્તાવેજી પુરાવાઓમાં પોતાના હોદ્દાજોગની સહી–સીકકા ઓળખી બતાવેલ છે. જે અનુક્રમે આંક–૧૯ અને આંક–૨૦ આપવામાં આવેલ છે. સદર હકીકત અન્વયે હાલના કામે અરજદારનાં સદર સાહેદની સામાવાળા નં.૧ નાંઓ તર્ફે ઉલટતપાસ કરવામાં આવેલ નથી. જયારે સામાવાળા નં.૨ નાંઓ દ્રારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, મેં ખોડની આકારણી લોઅર લીમ્બ પુરતી કરેલ છે. અરજદાર વાહન ચલાવી શકતા નથી તે વિગત અરજદારનાં જણાવ્યા મુજબ મેં મારા સર્ટીફીકેટમાં જણાવેલ છે અને તે અંગે મેં અરજદારનો કોઈ ડ્રાઈવીંગ ટેસ્ટ લીધેલ નથી. આ સીવાય તેઓને પૂછવામાં આવેલ તમામ સૂચક

સવાલોનાં ખંડનાત્મક જવાબ આપેલ છે.

**(૧૦.૨)** વધુમાં હાલનાં કામે અરજદારને થયેલ ઈજા એ શિડયુલ ઈન્જરી નથી. શિડયુલ ઈન્જરી ના હોય તે સંજોગોમા ડોકટરનો પુરાવો એ નિષ્ણાંતનો પુરાવો ગણાય છે. વધુમાં અરજદાર દ્રારા પોતાની વળતર અરજમાં હાલનાં કામે અરજદારને અકસ્માતનાં કારણે થયેલ ગંભીર ઈજાઓનાં કારણે ૧૦૦% કમાવવાની ક્ષમતામાં ઘટાડો થયેલ હોઈ તે મુજબ વળતર આપવા વિનંતી કરેલ છે. વધુમાં સામાવાળા નં.ર તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ડોકટરશ્રીએ અરજદારને લોઅર લીમ્બમાં ૪૫% કાયમી ખોડ રહી ગયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં અરજદાર તર્ફે હાલનાં કામે નામદાર સુપ્રિમ કોર્ટનાં ***૨૦૨૩ એ.સી.જે. ૮૦૬ નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા એટ ન્યુ દિલ્હી, ચંદ્રામ્મા વિરૂધ્ધ મેનેજર, રીઝીઓનલ ઓફીસ, એનસીસી લીમીટેડ અને બીજાં ઓનાં*** ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદર ચુકાદો માનસહ વંચાણે લેવામાં આવેલ છે. સદર ચુકાદાની હકીકત હાલનાં કેસની હકીકતોથી વિપરીત છે.

હાલનાં તબકકે ***નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કું. લી. વિ. જોરૂભા પાંચાજી જેઠવા અને બીજાંનાં*** ચુકાદામાં પેરા–૨૩ ફંકશનલ ડિસએબીલીટી હોય, ત્યારે તેને બોડી એઝ અ હોલ ગણીને ઘટાડી શકાય નહીં તેમ ઠરાવવામાં આવેલ છે. વધુમાં સદર ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે,

***16**. A three-Judge Bench of this Court in **Raj Kumar Vs. Ajay Kumar and Another1** categorically assessed the assessment of future loss of earnings due to permanent disability. The operative portion of the judgment reads as under: -*

*"**9.** The percentage of permanent disability is expressed by the Doctors with reference to the whole body, or more often than not, with reference to a particular limb. When a disability certificate states that the injured has suffered permanent disability to an extent of 45% of the left lower limb, it is not the same as 45% permanent disability with reference to the whole body. The extent of disability of a limb (or part of the body) expressed in terms of a percentage of the total functions of that limb, obviously cannot be assumed to be the extent of disability of the whole body. If there is 60% permanent disability of the right hand and 80% permanent disability of left leg, it does not mean that the extent of permanent disability with reference to the whole body is 140% (that is 80% plus 60%). If different parts of the body have suffered different percentages of disabilities, the sum total thereof expressed in terms of the permanent disability with reference to the whole body, cannot obviously exceed 100%.*

***10.** Where the claimant suffers a permanent disability as a result of injuries, the assessment of compensation under the head of loss of future earnings, would depend upon the effect and impact of such permanent disability on his earning capacity. The Tribunal should not mechanically apply the percentage of permanent disability as the percentage of economic loss or loss of earning capacity. In most of the cases, the percentage of economic loss, that is, percentage of loss of earning capacity, arising from a permanent disability will be different from the percentage of permanent disability. Some Tribunals wrongly assume that in all*

*cases, a particular extent (percentage) of permanent disability would result in a corresponding loss of earning capacity, and consequently, if the evidence produced show 45% as the permanent disability, will hold that there is 45% loss of future earning capacity. In most of the cases, equating the extent (percentage) of loss of earning capacity to the extent (percentage) of permanent disability will result in award of either too low or too high a compensation.*

***11.** What requires to be assessed by the Tribunal is the effect of the permanently disability on the earning capacity of the injured; and after assessing the loss of earning capacity in terms of a percentage of the income, it has to be quantified in terms of money, to arrive at the future loss of earnings (by applying the standard multiplier method used to determine loss of dependency). We may however note that in some cases, on appreciation of evidence and assessment, the Tribunal may find that percentage of loss of earning capacity as a result of the permanent disability, is approximately the same as the percentage of permanent disability in which case, of course, the Tribunal will adopt the said percentage for determination of compensation.*

***12.** Therefore, the Tribunal has to first decide whether there is any permanent disability and if so the extent of such permanent disability. This means that the tribunal should consider and decide with reference to the evidence: (i) whether the disablement is permanent or temporary; (ii) if the disablement is permanent, whether it is permanent total disablement or permanent partial disablement, (iii) if the disablement percentage is expressed with reference to any specific limb, then the effect of such disablement of the limb on the functioning of the entire body, that is the permanent disability suffered by the person. If the Tribunal concludes that there is no permanent disability then there is no question of proceeding further and determining the loss of future earning capacity. But if the Tribunal concludes that there is permanent disability then it will proceed to ascertain its extent. After the Tribunal ascertains the actual extent of permanent disability of the claimant based on the medical evidence, it has to determine whether such permanent disability has affected or will affect his earning capacity.*

***13.** Ascertainment of the effect of the permanent disability on the actual earning capacity involves three steps. The Tribunal has to first ascertain what activities the claimant could carry on in spite of the permanent disability and what he could not do as a result of the permanent ability (this is also relevant for awarding compensation under the head of loss of amenities of life). The second step is to ascertain his avocation, profession and nature of work before the accident, as also his age. The third step is to find out whether (i) the claimant is totally disabled from earning any kind of livelihood, or (ii) whether in spite of the permanent disability, the claimant could still effectively carry on the activities and functions, which he was earlier carrying on, or (iii) whether he was prevented or restricted from discharging his previous activities and functions, but could carry on some other or lesser scale of activities and functions so that he continues to earn or can continue to earn his livelihood.*

***14.** For example, if the left hand of a claimant is amputated, the permanent physical or functional disablement may be assessed around 60%. If the claimant was a driver or a carpenter, the actual loss of earning capacity may virtually be hundred percent, if he is neither able to drive or do carpentry. On the other hand, if the claimant was a clerk in government service, the loss of his left hand may not result in loss of employment and he may still be continued as a clerk as he could perform his clerical functions; and in that event the loss of earning capacity will not be 100% as in the case of a driver or carpenter, nor 60% which is the actual physical disability, but far less. In fact, there may not be any need to award any compensation under the head of `loss of future earnings', if the claimant continues in government service, though he may be awarded compensation under the head*

*of loss of amenities as a consequence of losing his hand. Sometimes the injured claimant may be continued in service, but may not found suitable for discharging the duties attached to the post or job which he was earlier holding, on account of his disability, and may therefore be shifted to some other suitable but lesser post with lesser emoluments, in which case there should be a limited award under the head of loss of future earning capacity, taking note of the reduced earning capacity."*

***21.*** *Similarly, in the case of* ***K.Janardhan Vs. United India Insurance Co. Ltd. & Anr.2****, this Court held that :- "The loss of earning capacity in the case of tanker driver who had met with an accident, and lost one of his legs due to amputation. The commissioner for Workment's Compensation assessed the functional disability of the tanker driver as 100 % and awarded compensation on that basis. The High Court, however, referred to Schedule 1 to the Workmen's Compensation Act, 1923, and held that loss of a leg on amputation resulted in only 60% loss of earning capacity. This Court set aside the judgment of the High Court, and held that since the workman could no logner earn his living as a tanker driver due to loss of one leg, the functional disability had to be assessed as 100%."*

***22.*** *This Court in the case of* ***S. Suresh Vs. Oriental Insurance Co. Ltd.& Anr.3****, held that :- "9. We are of the opinion that on account of amputation of his right leg below knee, he is rendered unfit for the work of a driver, which he was performing at the time of the accident resulting in the said disablement. Therefore, he has 2 (2008) 8 SCC 518 3 (2010) 13 SCC 777 16 lost 100% of his earning capacity as a lorry driver, more so, when he is disqualified from even getting a driving licence under the Motor Vehicles Act, 1988."*

**(૧૦.૩)** વધુમાં કામદાર વળતર ધારા હેઠળ વળતરની રકમ નકકી કરતી વખતે કામદારે કામ કરવાની શકિત કેટલી ગુમાવેલ છે તે હકીકત ઘ્યાને લેવાની હોય છે. સદર કામે અરજદારને થયેલ ઈજાએ શિડયુલ ઈન્જરી નથી. શિડયુલ ઈન્જરી ના હોય, તે સંજોગોમાં ડોકટરશ્રીનો પુરાવો એ નિષ્ણાંતનો પુરાવો ગણાય છે. આમ, અરજદાર તર્ફે પોતે અકસ્માત પહેલાં જે કામગીરી કરતા હતા, તે કામગીરી અકસ્માત બાદ કરવા સંપૂર્ણપણે અસક્ષમ થયેલ હોય, તે અંગે કોઈપણ સ્પષ્ટ માનવાલાયક આધાર પુરાવો રજુ કરેલ નથી. ઉપરોકત ચુકાદાઓમાં જણાવ્યા મુજબ હાલનાં કામે અરજદાર દ્રારા તેઓનાં ડ્રાઈવરની કામગીરીમાં અડચણરૂપ થાય તે મુજબ શરીરનું કોઈ અંગ પુરેપુરું કે આંશીક ગુમાવેલ ન હોય, તે સંજોગોમાં અરજદારે આંશીક રીતે ડ્રાઈવર તરીકેની કામગીરી કરવા સંપૂર્ણપણે અસક્ષમ બનેલ હોવાની હકીકતને ડોકટરશ્રીએ આપેલ અરજદારનાં ખોડ અંગેનાં સર્ટીફીકેટ તથા પુરાવાથી સમર્થન મળેલ હોય, અકસ્માતમાં થયેલ ઈજાનાં કારણે અરજદારને કાયમી ખોડ ૪૫% અને કામ કરવાની ક્ષમતામાં ૪૫% ગુમાવેલ હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૩ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૧)** **<u>મુદ્દા નં.૪ તથા ૫</u> ::–** મુદ્દા નં.૪ તથા નં.૫ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ

હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૪ તથા નં.૫ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

**(૧૧.૧)** અકસ્માત વખતે અરજદારની ઉંમર કેટલી હતી તે બાબતે અરજદાર તર્ફે માર્ક–૧૭/૩ થી અરજદારનાં ડ્રાઈવીંગ લાયસન્સની નકલ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતા તેમાં અરજદારની જન્મ તા.૧૨/૦૫/૧૯૯૩ દર્શાવવામાં આવેલ છે. વધુમાં હાલનાં કામે અકસ્માતનો બનાવ તા.૧૬/૦૬/૨૦૧૯ નાં રોજ બનવા પામેલ છે. વધુમાં સામાવાળાનં.૧ તથા નં.૨ તર્ફે અરજદારની ઉંમર બાબતે વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેથી અકસ્માત સમયે અરજદારની ઉંમર ૨૬ વર્ષની હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૧.૨)** વધુમાં અરજદાર તર્ફે પોતાની વળતર અરજમાં હાલનાં સામાવાળા નં.૧ તેઓને માસીક પગાર રૂા.૧૦,૦૦૦/–તથા દૈનિક ભથ્થુ રૂા.૨૦૦/– અલગથી ચુકવતા હોવાનું જણાવેલ છે. અરજદાર તર્ફે પગાર બાબતે અન્ય કોઈ દસ્તાવેજી આધાર રજુ કરેલ નથી. વધુમાં સદર હકીકત અન્વયે સામાવાળા નં.૧ માલીકે હાલના કામે જવાબ કે પુરાવો રજુ કરેલ નથી. જયારે સામાવાળા નં.૨ તર્ફે આ બાબતે અરજદારની અરજીમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરવા સીવાય કોઈ વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી. વધુમાં અરજદારના આંક–૧૬ ના સોગંદનામાની ઉલટતપાસ સામવાાળા નં.૨ ના વિ.વ.શ્રી. દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં હાલનાં કામે અકસ્માતનો બનાવ તા.૧૬/૦૬/૨૦૧૯ નાં રોજ બનવા પામેલ છે. આ સંજોગોમાં શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા.૦૧/૦૬/૨૦૧૦ નું નોટીફીકેશન વંચાણે લેતાં ઉપરોકત સંજોગોમાં કલમ–૪ સ્પષ્ટીકરણ–૨ માં વધુમાં વધુ રૂા.૮,૦૦૦/– પગાર ગણવો કે તેથી ઓછો. જેથી શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા.૦૧/૦૬/૨૦૧૦ નું નોટીફીકેશન ઘ્યાને લેતાં અકસ્માત સમયે અરજદારનો માસીક પગાર રૂા.૮,૦૦૦/– હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદા નં.૫ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૨) <u>મુદ્દા નં.૪ થી નં.૬</u> ::–** મુદ્દા નં.૪ થી નં.૬ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૪ થી નં.૬ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

**(૧૨.૧)** હાલના કામે મુદ્દા નં.૬ થી નં.૮ અંગે જોતા જયારે નોકર–માલીકનાં સંબં

ધો સામાવાળા નં.૧ સાથે પુરવાર થયેલ હોય તથા અકસ્માત ફરજનાં સમય દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરતા થયેલ હોય તથા તેમાં અરજદારને ઈજા થયેલ હોય અને કાયમી ખોડ રહી ગયેલ હોય ત્યારે સામાવાળાઓ પાસેથી કર્મચારી વળતર ધારાની જોગવાઈઓ મુજબ અરજદાર વળતર મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. વધુમાં હાલનાં કામે અરજદાર વધુમાં હાલનાં કામે અરજદાર તર્ફે માર્ક–૩/૩ ટેન્કર નં. જી.જે.૧૨ બી.એકસ.૭૧૯૦ ની વીમા પોલીસીની નકલ રજુ થયેલ છે. સદર વીમા પોલીસી વંચાણે લેતા તેમાં પોલીસી પીરીયડ તા.૨૯/૦૫/૨૦૧૯ થી તા.૨૮/૦૬/૨૦૨૦ નાં રોજનો દર્શાવેલ છે. વધુમાં હાલનાં કામે અકસ્માત બનાવ તા.૧૬/૦૬/૨૦૧૯ નાંરોજ બનવા પામેલ છે. આમ, સદર હકીકતને ધ્યાને લેતાં પોલીસી પીરીયડમાં બનાવ કવર થાય છે અને સામાવાળા વીમા કંપની વળતર ચુકવવા જવાબદાર થાય છે.

**(૧૨.૨)** વધુમાં અકસ્માતના સમયે આ કાયદાની જોગવાઈ જોતાં અરજદારની ઉંમર ૨૬ વર્ષ, માસીક આવક રૂા.૮,૦૦૦/– ઠરાવવામાં આવે છે કર્મચારી વળતર અધિનિયમની કલમ–૪ મુજબ વળતરની ગણતરી જોઈએ તો,અકસ્માતમાં થયેલ ઈજાના કિસ્સામા માસીક આવકના ૬૦% એટલે કે રૂા.૪,૮૦૦/–,રીલેવન્ટ ફેકટર અનુસુચિ–૪,કલમ–૪, ૨૬ વર્ષની ઉંમર સંબંધિત અવયવ ૨૧૫.૨૮ સાથે ગુણત્તા રૂા.૧૦,૩૩,૩૪૪/– (અંકે રૂપીયા દશ લાખ તેત્રીસ હજાર ત્રણ સૌ ચુમ્માલીસ પુરા) અરજદારને મળવાપાત્ર થાય છે. પરંતુ આ કામમાં અરજદારને અકસ્માતનાં કારણે ૪૫% કાયમી ખોડ રહી ગયેલ હોઈ અને અરજદારની કામ કરવાની શકિતમાં ૪૫% નો ઘટાડો રહી ગયેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે. તે સંજોગોમાં હાલનાં અરજદાર રૂા.૧૦,૩૩,૩૪૪/– (અંકે રૂપીયા દશ લાખ તેત્રીસ હજાર ત્રણ સૌ ચુમ્માલીસ પુરા) નાં ૪૫% એટલે કે, રૂા.૪,૬૫,૦૦૫/– (અંકે રૂપીયા ચાર લાખ પાસઠ હજાર પાંચ પુરા) અરજદાર આ કામનાં સામાવાળા નં.૨ વીમા કંપની પાસેથી વળતર તરીકે મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૨.૩)** ઉપરોકત મુદ્દાની ચર્ચા કર્યા અનુસાર અરજદારને અકસ્માત ફરજનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે કામ કરતા થયેલ હોય તથા તેમાં અરજદારને ઈજા થયેલ હોય અને કાયમી ખોડ રહી ગયેલ હોવા અંગેની હકીકત પુરવાર થયેલ હોય, અરજદાર વળતર મેળવવા હકકદાર હોવાનું પુરવાર થાય છે. હાલનાં કામે બંને સામાવાળાઓ તર્ફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ

નથી. અરજીની નોટીશ બજી ગયા બાદ પણ તેઓ તર્ફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ નથી. ત્યારે સ્પષ્ટપણે એ હકીકત રેકર્ડ ઉપર પુરવાર થાય છે કે, સામાવાળાઓ દ્રારા અરજદારને વળતરની રકમ ચુકવવામાં તેઓ બેદરકાર રહેલ હોવાનું પુરવાર થાય છે. જેથી પેનલ્ટીની રકમ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતાં વીમા કંપની જવાબદાર થતી નથી. વળતરની રકમ જમા કરાવવા કાયદાનાં પ્રસ્થાપિત સીધ્ધાંત ધ્યાને લેતાં સામાવાળા નં.૧ એ વળતર જમા કરાવવું જોઈએ જે જમા કરાવેલ ન હોય પેનલ્ટી ચુકવવા તેઓ જવાબદાર ઠરે છે. જયારે વળતરની કોઈ રકમ જમા કરાવેલ ન હોય ત્યારે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતાં વળતર ચુકવવાનું થાય ત્યારથી એક માસ બાદથી વ્યાજની પણ જવાબદારી બને છે. હાલના કામે મોટર વ્હીકલ એકટ અંતર્ગતની પોલીસી હોય, તે સંજોગોમાં ***નામદાર સુપ્રિમ કોર્ટનાં ૧૯૯૮ એ.સી.જે પાના નં.૧ વેદપ્રકાશ ગર્ગ વિ. પ્રેમાદેવી*** માં પ્રસ્થાપીત સીધ્ધાંતો ધ્યાને લેતાં વ્યાજ અંગે વીમા કંપનીની જવાબદારી ઠરાવી શકાય. જેથી ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતા વીમા કંપની વ્યાજ ચુકવવા જવાબદાર ઠરે છે. જેથી અરજદાર સામાવાળા વીમા કંપની પાસેથી વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૨.૪)** વધુમાં વ્યાજ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓમાં ૧૨% સુધીનાં વ્યાજની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં તથા હાલનાં તબકકે ***નામદાર સુપ્રિમ કોર્ટે પી. મીનારાજ વિ. પી. અદિગરૂસ્વામી અને બીજાનાં, ૨૦૨૨ એ.સી.જે. પેજ નં.૧૦૦૧, ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. સી.બી. જયોર્જ નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૩) જી.એલ.એચ. ૩૪૪, શોભા વિ. ચેરમેન, વિઠ્ઠલરાવ શિન્દે સહકારી સાખર કારખાના લીમીટેડ એ.આઈ.આર. ૨૦૨૨ એસ.સી. પેજ નં.૧૪૧૦ નાં ચુકાદાઓમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા ઓરીયન્ટલ ઈન્સ્યુરન્સ કાું. લી. વિ. ગુલાબભાઈ બાબુભાઈનાં વારસોના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે,*** વ્યાજની જવાબદારી કમિશ્નર એવોર્ડ કરે તે તારીખથી નહીં પણ અકસ્માત થયા તારીખથી થાય તેમ ઠરાવવામાં આવેલ છે.

વધુમાં ***નામદાર સુપ્રિમ કોર્ટે ટી. સી. સેલજા વિ. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કાું. લી. અને બીજાંઓ ૨૦૧૪ એ.સી.જે. પાના નં.૪૮૦ નાં ચુકાદામાં, સીવીલ અપીલ નં. ૬૬૧૪/૨૦૨૧ અને સીવીલ અપીલ નં.૧૮૬૦/૨૦૨૨ નાં ચુકાદામાં અકસ્માત ઈજા તારીખથી ૧૨% વ્યાજનો હુકમ કરેલ છે. તેમજ ૨૦૦૯(૩) સી.એલ.આર. પાના નં.૭૪૧ નામદાર***

***કલકત્તા હાઈકોર્ટનો સરબેશ્વર ભીમલાઈ બાપી ભીમલાઈ વિ. અરધેન્દુકુમાર રોય અને બીજાં ઓનાં*** ચુકાદાઓમાં પ્રસ્થાપીત સીધ્ધાંતોને ધ્યાને લેતાં સ્પષ્ટપણે ૧૨% સુધીનું સાદું વ્યાજ ચુકવવા અંગેનો હુકમ કરવાની જોગવાઈ છે. જે ધ્યાને લેતાં હાલનાં કામે અકસ્માત તારીખથી ૧૨% લેખે સાદા વ્યાજની વળતર ઉપરાંતની રકમ ચુકવવા સામાવાળા વીમા કંપની જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૨.૫)** વધુમાં પેનલ્ટી અને વ્યાજ કેટલું હોવું જોઈએ તે અંગે જોતાં કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ ૫૦% સુધીની રકમ પેનલ્ટીની થઈ શકે. હાલનાં કામે સામાવાળા સંસ્થા તર્ફે કોઈ જ રકમ જમા કરાવેલ ન હોય, બેકાર રહેલાનું પુરવાર થતું હોય તથા પેનલ્ટી શા માટે ઘટાડવી જોઈએ તે અંગે કોઈ રજુઆત કર[, ન હોય, આ કામે સામાવાળા નં.૧ પેનલ્ટી પેટે ૫૦% રકમ અરજદારને ચુકવે તો તે વ્યાજબી અને ન્યાયી હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે. જેથી હાલનાં કામમાં અકસ્માત વળતરની રકમ રૂ.૪,૬૫,૦૦૫/- (અંકે રૂપીયા ચાર લાખ પાસઠ હજાર પાંચ પુરા) ઉપર ૫૦% પેનલ્ટીની રકમ રૂ.૨,૩૨,૫૦૨/- (અંકે રૂપીયા બે લાખ બત્રીસ હજાર પાંચ સૌ બે પુરા) સામાવાળા નં.૧ અરજદારને ચુકવવા જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૨.૬)** વધુમાં હાલના કામમાં અરજદાર તર્ફે મેડીકલ ખર્ચ, ભવિષ્યનો મેડીકલ વસુલ અપાવવા અરજ કરેલ છે. સદર હકીકત બાબતે જોઈએ અરજદારે સારવાર અંગે થયેલ ખર્ચનાં અંગેનાં બીલ તથા બીલ ચુકવણી કરેલ રસીદો રજુ કરી પુરવાર કરેલ નથી કે સારવાર કરનાર ડોકટરને તપાસેલ નથી અને મેડીકલ ખર્ચ મેડીકલ ખર્ચ રૂ.૧,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) ચુકવેલ હોવાની હકીકત પુરવાર કરવા અંગે કોઈ માનવાલાયક પુરાવો રજુ કરેલ નથી. જેથી આ કામનાં અરજદારે વળતર અરજીમાં માંગેલ મેડીકલ સારવાર ખર્ચ અંગેની દાદ નામંજુર કરવામાં આવે છે. જેથી મુદ્દા નં.૪ થી નં.૬ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૩) <u>મુદ્દા નં.૦૭</u> ::-** ઉપરોકત મુદ્દા નં.૧ થી નં.૬ માં ચર્ચા કર્યા અનુસાર અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં કામ કરતા હોવાનું અને ફરજનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે અકસ્માતમાં ઈજા થતાં કાયમી ખોડ રહી ગયેલાનું, અરજદાર વળતરની રકમ મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. વધુમાં અરજદાર સામાવાળા નં.૧ પાસેથી ૫૦% પેનલ્ટી

અને અકસ્માત બનાવ બાદથી બંને સામાવાળાઓ પાસેથી વળતરની રકમ ચુકવે નહીં ત્યા સુધીનું ૧૨% લેખે સાદા વ્યાજની રકમ મેળવવા અંગે હકકદાર હોવાનું પુરવાર થાય છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે તમામ હકીકતો ધ્યાને લેતા ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૧ થી નં.૬ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવેલ છે અને મુદ્દા નં.૭ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

**(૧)** આથી અરજદાર કર્મચારીની હાલની વળતર અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

**(૨)** હાલનાં કામનાં સામાવાળા નં.૨ વીમા કંપનીએ વળતરની રકમ રૂા.૪,૬૫,૦૦૫/- (અંકે રૂપીયા ચાર લાખ પાસઠ હજાર પાંચ પુરા) તેમજ સદર રકમ ઉપર અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ સહિત રકમ અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** હાલનાં કામનાં સામાવાળા નં.૧ માલીકે વળતરની રકમ રૂા.૪,૬૫,૦૦૫/- (અંકે રૂપીયા ચાર લાખ પાસઠ હજાર પાંચ પુરા) ઉપર ૫૦% પેનલ્ટીની રકમ રૂા.૨,૩૨,૫૦૨/- (અંકે રૂપીયા બે લાખ બત્રીસ હજાર પાંચ સૌ બે પુરા) અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** હાલના કામના સામવાળા નં.૧ માલીકે અરજી ખર્ચનાં રૂા.૩,૦૦૦/- અરજદારને ચુકવી આપવા.

**(૫)** હાલનાં કામનાં સામાવાળાઓએ આ હુકમ મળ્યેથી દિન-૩૦ માં હુકમનો અમલ કરવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ ૨૫[મી] માહે એપ્રિલ સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ :- ૨૫/૦૪/૨૦૨૫
સ્થળ :- ગાંધીધામ.

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
કમિશ્નરશ્રી ફોર વ. કો. એકટ, લેબર કોર્ટ
(જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.

***<u>સ્ટેનો: ટી.એન.વોરા.</u>***

***<u>JUDGE CODE : GJ01300</u>***